**ઈમાન એક છોડ છે અને તેની સિંચાઈ અમલથી થાય છે જેથી ઈમાનની પૂર્તિ માટે અમલ ખૂબ જરૂરી છે જો ઈમાન સાથે અમલ નહિ હોય તો છોડ સૂકાઈ જશે અને તે કમજોર રહી જશે મોમિનનું કામ છે કે અમલની સાથે સાથે તૌબા (ક્ષમા યાચના) તરફ પણ ધ્યાન આપે અર્થાત પ્રત્યેક મુશ્કેલી અને કસોટીના સમયે અલ્લાહતઆલા સામે ઝુકે અને પોતાની કમજોરીઓનો એકરાર કરે અને નેક કાર્યોથી પોતાની સુધારણાની શૃંખલાને ચાલુ રાખે ધિરજ તથા દુઆ અને પોતાના અમલોથી અલ્લાહતઆલાના ફઝલોને હાંસેલ કરનાર બનો અને જ્યારે પણ મુશ્કેલીઓથી અને મુસીબતોથી પસાર થાઓ તો ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન કહેનારમાં સામેલ થઈ જાઓ.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૦૨- ઓકટોમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

બેશક અમે તમને કંઈક ભય તથા ભૂખ તેમજ માલ અને જાન તથા ફળોના નુકસાન દ્વારા અજમાવશું પરંતુ ધિરજ સાથે સહન કરનારાઓને શુભ પરિણામની ખુશખબરી આપો. જેમને કોઈ આફત ઘેરી લેછે તેઓ કહે છે ખરેખર અમે અલ્લાહના જ છીએ અને તેની જ તરફ અમારે પાછુ ફરવાનું છે. (અલબકરાહ આયત ૧૫૫, ૧૫૬).

આ આયતોમાં મોમિનોની તે વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે જે તે મુશ્કેલીઓ અને મુસીબતો અથવા કોઈપણ પ્રકારના નુકસાન થવા પર દેખાડે છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે એક વાસ્તવિક મોમિનનો તેજ સમયે ખબર પડે છે જ્યારે તે વિશેષતાઓનો બોજ ઉઠાવનાર બને. મોમિનને ક્યારેકતો જાતિ તૌર પર નુકસાનનો સામનો કરવો પડે છે. ક્યારેક જમાઅતી તૌર પર નુકસાન થાય છે. પરંતુ વાસ્તવિક મોમિન પ્રત્યેક પ્રકારના નુકસાનથી અલ્લાહતઆલાની ખુશી હાંસેલ કરતા કામીયાબ થઈને નીકળે છે અને તેને નીકળવુ જ જોઈએ. આ વિશે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ અનેક પુસ્તકો અને શિક્ષાઓમાં વિસ્તારથી પ્રકાશ નાંખ્યો છે. આ આયતોની સ્પષ્ટતા કરતા એક સ્થાને ફરમાવે છે કે મુસીબતોને બુરૂ ન માનવું જોઈએ કેમકે મુસીબતોને બુરૂ સમજનાર મોમિન નથી હોતો. ફરમાવ્યું કે આજ તકલીફો જ્યારે રસૂલો પર આવે છે તો તેમને શુભ પરિણામની ખુશખબરી આપે છે અને જ્યારે એજ તકલીફ દુષ્ટો પર આવે છે તો તેમને બરબાદ કરી નાંખે છે. ઉદ્દેશ, મુશ્કેલીઓના સમયે ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન પઢવું જોઈએ અને તકલીફના સમયે ખુદાતઆલાની ખુશી હાંસેલ કરે. ફરમાવ્યું કે મોમિનના જીવનના બે ભાગ છે. મોમિન જે નેક કામ કરે છે તેના માટે તેનો બદલો નિશ્ચિત હોય છે. પરંતુ ધિરજ એક એવી વસ્તુ છે જેનો પુણ્ય અસીમ, અસંખ્ય છે. (નેકીનો બદલો છે પરંતુ ધિરજનો પુણ્ય ખુબ વધારે છે.) ખુદાતઆલા ફરમાવે છે તે જ લોકો સહનસીલ છે તે જ લોકો છે જેમણે ખુદાને ઓળખી લીધો ખુદાતઆલા તે લોકોના જીવનનાં બે વિભાગ કરે છે જે ધૈર્યનો અર્થ સમજી લેછે. ક્યારેક તે મોમિનની દુઆ કબૂલ કરે છે જેવું કે ફરમાવે છે. ઉદઉની અસ્તજીબલા કુમ અને કયારેક તે મોમિનથી પોતાની વાત મનાવવા ચાહે છે. ફરમાવ્યું છે વલા નબલુવન્ના કુમ બિશૈઈન મિનલ ખૌફી. માટે આ વાતને સમજવુ ઈમાનદારી છે કે એક બાજુ જોર ન આપે.

ફરમાવ્યું મોમિનએ મુસીબતના સમયે ઉદાસ ન થવુ જોઈએ તે નબીથી વધીને નથી હોતો અસલ વાત એ છે કે મુસીબતના સમયે એક પ્રેમનું ઝરણું ચાલુ થઈ જાય છે મોમિનને કોઈ તકલીફ નથી થતી જેનાથી તેને હજારો પ્રકારનો આનંદ નથી પહોચતો પછી આપે ફરમાવ્યું કે ખુદાના પ્રિયોને ગુનાના કારણે મુસીબતો નથી આવતી. મોમિનના ગુણ પણ મુસીબતોથી ખુલે છે માટે જુઓ રસૂલ કરીમ (સ.અ.વ.) ના દુઃખો અને જીતના યુગમાં આપના સ્વાભાવને કેવી રીતે પ્રગટ કરવામાં આવે. જો રસૂલ કરીમ (સ.અ.વ.) ને તકલીફ ન પહોંચતી તો અત્યારે આપણે તેમના સ્વભાવ વિશે શું બયાન કરતા. મોમિનની તકલીફને બીજા લોકો બેશક તકલીફ સમજે પરંતુ મોમિન તેને તકલીફ નથી માનતો. ફરમાવ્યું કે આ જરૂરી વાત છે કે ઈન્સાન પોતાની સાચી તૌબા પર કાયમ રહે અને એ સમજે કે તૌબાથી તેને એક નવુ જીવન મળે છે. અને તૌબાનું પરિણામ ઈચ્છો છો તો અમલની સાથે તૌબાની પૂર્તિ કરો. ઈમાન એક છોડ છે અને તેની સિંચાઈ અમલથી થાય છે. જેથી ઈમાનની પૂર્તિ માટે અમલ ખૂબ જરૂરી છે જો ઈમાન સાથે અમલ નહિ હોય તો છોડ સૂકાઈ જશે અને તે કમજોર રહી જશે.

પછી આપ ફરમાવે છે કે તમે મોમિન હોવાની હાલતમાં મુસીબતોને બુરૂ ન જાણો અને બુરૂ તેજ જાણશે જે સંપૂર્ણ મોમિન નથી. કુરઆન શરીફ ફરમાવે છે કે અમે ક્યારેક તમને માલ તથા જાન અને ઔલાદ તથા ફળ વગેરેના નુકસાનથી અજમાવીશું. પરંતુ જે એવા સમયમાં ધિરજ તથા સંતોષ રાખે છે તો તે લોકોને ખુશખબરી આપો કે તેમના માટે અલ્લાહતઆલાની રહેમતના દરવાજા વિસ્તૃત અને તેમના પર ખુદાની બરકતો થશે. જે એવા સમયમાં કહે છે ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન અર્થાત અમે અને અમારા માટે તમામ વસ્તુઓ ખુદાતઆલા તરફથી છે અને પછી અંતે તેમણે ખુદા તરફ જ પાછું ફરવાનું છે કોઈપણ પ્રકારના નુકસાનનું દુઃખ તેમના દિલને ન થાય અને તે લોકો મુકામે રઝા માં નિવાસ રાખે છે. એવા લોકો ધિરજ રાખનાર છે અને ધૈર્ય રાખનારાઓ માટે ખુદાએ અસંખ્ય બદલો રાખ્યો છે. પછી આપ ફરમાવે છે અમુક લોકો અલ્લાહ તઆલા પર આરોપ લગાવે છે કે અમારી દુઆઓ કબૂલ નથી કરતો અથવા ઔલિયા પર કટાક્ષ કરે છે કે તેમની ફલાણી દુઆ કબૂલ નથી થઈ. ફરમાવ્યું કે અસલમાં તે નાદાન આ અલ્લાહના નિયમથી અપરિચિત હોય છે જે ઈન્સાનનો ખુદા સાથે એવો મામલો થયો હશે તે ખુબ આ નિયમથી પરિચિત થયો હશે. અલ્લાહતઆલાએ માની લેવાના અને મનાવવાના બે નમૂનાઓ પેશ કર્યા છે તેને જ માની લેવું ઈમાન છે. તમે એવા ન બનો કે એકજ બાજુ જોર આપો. એવું ન થાય કે તમે ખુદાનો વિરોધ કરીને નક્કી થયેલ કાનૂનને તોડવાની કોશિશ કરનાર બનો. આપે ફરમાવ્યું કે ઈન્સાન માટે પ્રગતિ કરવાના બે જ તરીકા છે. એક તો ઈન્સાન અલ્લાહના હુકમો અર્થાત નમાઝ, રોઝા, ઝકાત અને હજ વગેરે તકલીફો શરિયતની પાંબદીથી જે ખુદાનો હુકમ છે સ્વયં કરે છે પરંતુ આ કાર્ય ઈન્સાનના પોતાના જ હાથમાં હોય છે માટે કદાજ તેમાં આળસ અને સુસ્તી કરી બેસે છે અને કદાચ તેમાં કોઈ આસાની અને આરામની સુરત પણ પૈદા કરી લેછે. માટે જ અલ્લાહતઆલાએ ઈન્સાનની પૂર્તિ માટે એક બીજો માર્ગ મૂકી દીધો છે અને ફરમાવ્યું કે અમે અજમાવતા રહીશું. તમને ખૌફથી, ભૂખથી, જાનમાલથી અને ફળોના નુકસાનથી પરંતુ તે મુસીબતો પર ધિરજ રાખીને ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન કહેનાર ને ખુશખબરી આપી દો કે તેમના માટે મોટો બદલો ખુદાની રહેમતો અને તેમના ખાસ ઈનામો મુકર્ર છે. માટે આપણે આ વાતને હંમેશા સામે રાખવું જોઈએ કે ન આપણા દિલમાં કદાપિ આ ખ્યાલ આવે કે ખુદાતઆલા કેમ મોટા મોટા નુકસાનો અને કષ્ટોથી અમને પ્રસાર કરે છે અને ન કોઈ

વિરોધીને હાસ્ય ઉડાવવાથી અથવા કહેવાથી કે જો અલ્લાહતઆલા તમારી સાથે છે તો પછી તમારૂ નુકસાન કેમ થાય છે. આપણે પરેશાન ન થઈએ.

આ વર્ણનમાં હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ આપણી સમક્ષ જે વાતો બયાન કરી તેની અમુક સુક્ષ્મ વાતો હું તમારી સામે મુકુ છું. હંમેશા યાદ રાખો કે જ્યારે તકલીફ અને મુશ્કેલીઓ રસૂલો ઉપર અથવા અલ્લાહના પ્રિય લોકો પર આવે છે અને નબીઓની જમાઅત પર પણ આવે છે જે તેની સાચી તાલીમ પર ચાલનાર હોય છે. તો ખુદાતઆલા તેમને મુશ્કેલીઓમાં નાંખવા માટે અથવા સજા આપવા માટે તકલીફોમાંથી નથી ગુજારતો બલકે તેમને ઈનામની ખુશખબરી આપે છે. અને જ્યારે આ પ્રકારની તકલીફો ખુદાતઆલાના રસૂલો તથા તેની જમાઅતના વિરોધીઓ પર આવે છે અને દુષ્ટો પર આવે છે તો તે તેમની તબાહી બનીને આવે છે અને તેમને બરબાદ કરી નાંખે છે. પછી આપે ફરમાવ્યું કે મુશ્કેલીઓમાં ધિરજ રાખનાર અલ્લાહતઆલાની અસીમ પુણ્યના વારસદાર બને છે.

આમ, એક મોમિનને ધિરજના અર્થને સમજવાની જરૂર છે ધિરજનો અર્થ એ નથી કે ઈન્સાન કોઈ નુકસાન પર અફસોસ વ્યકત ન કરે બલ્કે તેનો અર્થ છે કે કોઈ નુકસાન તકલીફને પોતાના ઉપર એટલો ના ઉતારી લે કે ભાન ભુલી જાય અને માયુસ થઈને બેસી જાય અને પોતાની અમલી શકિતઓનો ઉપયોગ ન કરે. માટે એક સીમા સુધી અફસોસ પણ ઠીક છે. કોઈ નુકસાન પર કરવુ જોઈએ અને તેની સાથે જ એક નવા સંકલ્પ સાથે આગળની મુશ્કેલીઓ હલ કરવા માટે પહેલાથી વધારે કોશિશનું સંકલ્પ અને અમલી જરૂર છે પછી એ પણ યાદ રાખવું જોઈએ કે ધિરજ રાખનારને જ દુઆ ની હકીકત પણ માલુમ થાય છે ક્યારેક અલ્લાહ તઆલા તરત જ દુઆ કબૂલ કરે છે તો ક્યારેક કોઈ ભેદના કારણે દુઆ કબૂલ નથી કરતો. પરંતુ મોમિનનું કામ છે કે પ્રત્યેક હાલતમાં અલ્લાહ તઆલાની ખુશી પર ખુશ રહે અને અલ્લાહના કોઈ કાર્ય પર ફરિયાદ ન કરે આજ વાસ્તવિક ધૈર્ય છે અને જ્યારે એવા ધિરજની હાલત હોય તો પછી અલ્લાહતઆલા પોતાના બંદાઓને ખુબ નાવઝે છે. ઈનઆમો આપે છે આપે ફરમાવ્યું કે અલ્લાહતઆલાના વાસ્તવિક ભક્ત મુશ્કેલીઓના સમયમાં પણ આનંદ ઉઠાવે છે કેમ કે તેમને દેખાય છે કે તે મુશ્કેલીઓ પાછળ અને ફઝલ આવી રહ્યાં છે. આપે ફરમાવ્યું કે મોમિનને તકલીફો અને મુશ્કેલીઓ તેમના ગુનાહોના કારણે નથી પોહંચતી બલ્કે અલ્લાહ તઆલા તરફથી એક કસોટી હોય છે જેથી દુનિયાને પણ માલુમ થઈ જાય કે ખુદાતઆલાના બંદાઓ પ્રત્યેક હાલતમાં અલ્લાહતઆલાની ખુશીમાં ખુશ રહેનાર હોય છે આપે ફરમાવ્યું કે દુનિયામાં સૌથી વધારે પ્રિય અસ્તિત્વ અલ્લાહ તઆલાને જે છે અથવા હતો તે આંહઝરત (અ.સ.વ.) ની ઝાત હતી. પરંતુ આપને પણ અસંખ્ય તકલીફો પહોંચી બલ્કે ઝાતી તકલીફો પણ પહોંચી અને જમાઅતી તકલીફો પણ પહોંચી અને આ તકલીફો જેટલી આંહઝરત (અ.સ.વ.) ને પહોંચી એટલી કોઈ બીજાને નથી પહોંચી પરંતુ પ્રત્યેક પ્રકારની તકલીફમાં આપની ધિરજ અને ખુશ રહેવાના નમૂનાઓ દુનિયામાં આપણે બીજે કાંઈ જોવા નથી મળતા. અને આજ તે ઉચ્ચ સ્વભાવ છે જે તમામ મુસ્લીમો માટે આદર્શ છે.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) આપણને સાચી તૌબા તરફ ધ્યાન ફરમાવે છે કે આ પણ તમારી મુશ્કેલીઓ અને કસોટીઓમાં થી કામિયાબ થઈને નિકળવા માટે જરૂરી છે માટે મોમિનનુ કામ છે કે અમલની સાથે સાથે તૌબા તરફ પણ ધ્યાન

આપે અર્થાત પ્રત્યેક મુશ્કેલી અને કસોટીના સમયે અલ્લાહ તઆલા સામે ઝુંકીને પોતાની કમજોરીઓનો એકરાર કરે અને નેક કાર્યોથી પોતાની સુધારણાની શૃંખલાને ચાલુ રાખે. આપ ફરમાવે છે કે જેવી રીતે એક માળી છોડ લગાવીને પછી તેને પાણી આપે છે તેની સિંચાઈ કરે છે તેવી જ રીતે મોમિને પણ ચાહે કે ઈમાનના છોડને નેક કાર્યોનું પાણી આપે જો આ રીતે કરશો તો એજ મોમિનની કામિયાબીનું કારણ બની જાય છે આપે. ફરમાવ્યું કે લોકોની વાતોથી પરેશાન થવાની જરૂર નથી. લોકો ઔલિયા ઉલ્લાહ પર પણ વાંધો વિરોધ કરતા આવ્યા છે કે તેમની ફલાણી દુઆ કબૂલ નથી થઈ આપ ફરમાવે છે કે એવા વાંધા વિરોધ કરનાર અસલમાં ઈલાહી નિયમથી અપરિચિત છે એક મોમિન તો જાણે છે કે અલ્લાહ તઆલા ક્યારેક માની લે છે અને ક્યારેક સ્વીકાર કરાવે છે આજ તેનો નિયમ છે. આપ એ આપણને નસીહત કરી છે તમે એવા ન બનો જે નિયમને તોડનાર છે આપ એ ફરમાવ્યું કે મોમિનો માટે મુશ્કેલીઓમાંથી ગુજરે તથા જ્યારે પણ તકલીફો આવે તો ઈન્ના બિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન કહેનાર માં સામેલ થઈ જાય.

પાછલા દિવસોમાં મસ્જીદ બૈતુલ ફુતુહની પાસે બે હોલમાં આગના કારણે ખુબ નુકસાન થયો. ખુબ ભયાનક આગ હતી, અને જ્યારે અનેક ટી.વી. ચેનલ તથા મિડીયા વાળાઓએ ખબર આપી તો અમુક દ્વેષ તથા કિનો રાખનાર લોકોએ ખુબ ખુશી નો ઈઝહાર કર્યો બલ્કે આ વાત પર અફસોસ કર્યો કે તેમના માત્ર બે હોલ ને જ નુકસાન થયું. મસ્જીદ કેમ ન બળી તો આ તો આજ કાલના અમુક મુસ્લીમોની હાલત છે પરંતુ બધા એવા નથી અમુક વિસ્તારના મુસ્લીમોએ અમારી સાથે હમદર્દીનો ઈઝહાર પણ કર્યો. આ ઘટનાએ જમાઅતનો દુનિયામાં એક મોટો પરિચય પણ કરાવી દીધો. અમને તો અફસોસ થયો અમોએ ધૈર્ય પણ દેખાડ્યો. અને ઈન્ના બિલ્લાહ પણ પઢ્યું. પરંતુ અલ્લાહતઆલાએ આ નુકસાન અને કસોટીમાં પણ જમાઅતના હકમાં લોકોને ઉભા કરીને દુનિયાને દેખાડી દીધુ કે હું તેમની સાથેક છુ આગ કેવી રીતે લાગી એ હજુ સુધી પોલીસને માલુમ નથી થયુ જે પણ કારણ હોય એ વાત અમારી મસ્જીદના સ્ટાફ છે અને વ્યવસ્થા કરનાર છે તેમની કમજોરી તરફ નિશાન કરે છે. તેમણે ખુબ અસ્તગફાર કરવું જોઈએ અમુક મુસ્લીમ લોકો ખુશી મનાવી રહ્યાં છે અને સુબ્હાન અલ્લાહ પઢી રહ્યાં છે ઠિક છે આજે આ સુબ્હાન અલ્લાહ હંસી મઝાકના રૂપમાં અને અલ્લાહતઆલાની ગૈરત ભડકાવવા માટે પઢી રહ્યાં છે તો પઢે પરંતુ ઈન્શા અલ્લાહ જલ્દી જ તેના થી બહેતર અને સુંદર નિર્માણ કરીને અમે વાસ્તવિક સુબ્હાન અલ્લાહ પઢીશું. અને માશા અલ્લાહ પણ પઢીશું. જેવું કે મે કહ્યું. અજમાવવું તો અલ્લાહની સુન્નત છે હજુ એ પણ તો નથી માલુમ કે શું કારણ થી બનાવ બન્યો જો આ એક કાવતરુ હતુ તો આ વાતોથી જમાઅતની પ્રગતિ ન રોકાશે. હાં વ્યવસ્થા કરનાર વિભાગને પોતાની કમજોરીઓ જોવા અને સમજવામાં. માટે આ ઘટનાથી હોંશિયાર થવુ જોઈએ. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના દાવાથી જ આપની વિરૂધ્ધ કાવતરાઓનો સિલસિલો ચાલુ છે પરંતુ તેનો પરિણામ શું નિકળે છે. જમાઅતની પ્રગતિ આપણને દરેક સ્થાને જોવા મળે છે. એક આગ તો જાહરી આગ છે પરંતુ એક આગ મનુષ્યની અંદરના દ્વેશ અને કિનાની આગ પણ છે. જોવામાં તો આપણી મસ્જીદ પાસે એક ભાગને આગ લાગી પરંતુ આપણું આ નુકસાન ઈન્શા અલ્લાહ પૂર્ણ થઈ જશે અને ઈન્શા અલ્લાહ આપણે અલ્લાહતઆલાના શુભ પરિણામથી હિસ્સો મેળવનાર પણ થઈશું. અને આ ધિરજ અને દુઆ આપણને અલ્લાહ તઆલાની ઠંડક અને ઠંડી છાયાની આગોશમાં લઈ લેશે. પંરતુ આ જાહેરી આગ થી પણ વિરોધીઓના દ્વેશ અને કિનાની

આગ પણ ભડકી રહી છે. જેમકે જાહરી આગ આપણી વિરૂધ્ધ ભડકાવી હતી તે પણ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના વિરોધીઓને જલાવી રહી છે. એમ.ટી.એ. ની વ્યવસ્થાઓનો એક મોટો વિભાગ પણ અહિંયા છે. તે દિવસે રાહે હુદા પ્રોગ્રામનું જીવંત પ્રસારણ હતુ તો તે પ્રોગ્રામ કરનારાઓએ ફૈંસલો કરી લીધો કે હવે એમ.ટી.એ. સ્ટુડિયો સુધી આપણી પહોંચ નથી. અને માલુમ નથી કે ત્યાં શું હાલત છે. તેમા પ્રવેશી પણ ન શકાય માટે આજે તેની રેકોર્ડિંગ જ પ્રસાર કરીશુ. જ્યારે મને માલુમ થયુ કે તમે કહ્યું કે મસ્જીદ ફઝલથી પ્રોગ્રામનું જીવંત પ્રસારણ થશે. તેમાં કોઈ રૂકાવટ ન થાય અને એવા ફૈંસલાઓ મને પુછ્યા વગર તેમણે પોત ન કરવા જોઈએ તેઓ તરત મને પુછતા કે આ જીવંત પ્રસારણ પ્રોગામનું શું કરીએ. જો આ પ્રોગ્રામ ન થાત તો અહેમદીઓને પણ અને દુનિયાને પણ આ સંદેશ આપી રહ્યાં હોત કે અમારો આખો નિઝામ આ ઘટનાના કારણે દરમભરમ થઈ ગયો. જે ન થયો તો અમારૂ કામ એ નથી કે નુકસાન થી માયુસ થઈને બેસી જઈએ. અથવા પોતાનું સ્થાન છોડીને માત્ર તમાશો જોવા માટે ઉભા થઈ જાય. બલ્કે તેની વિરૂદ્ધ કોશિશ કરવી જોઈએ અને બાકી અલ્લાહ તઆલા પર છોડવુ જોઈએ.

તો આ વાતોથી આપણે ગભરાવું ન જોઈએ. જો આ ઘટના અજમાઈશ છે તો આપણે આ અહદ કરવું જોઈએ અને પછી પોતાના અમલથી સાબિત કરવુ જોઈએ કે અલ્લાહ તઆલાની સામે ઝુંકતા આપણે દુઆ કરતા આ અઝમાઈશથી પણ કામિયામ થઈશુ. આ નુકસાન ચાહે કોઈપણ રીતે થયું હોય આપણે ધ્યાન ન રાખવાથી થયું હોય તેનું કારણ કોઈપણ હોય તેને ઈન્શા અલ્લાહ આપણે જ અલ્લાહ તઆલાના ફઝલથી ફરીથી સુંદર રીતે નિર્માણ કરવું છે. અત્યારે તેના માટે કોઈ અલગ તહેરીકની જરૂર નથી પરંતુ લોકોએ વગર કહ્યે પોતે જે તેના માટે રકમ મોકલાવનું શરૂ કરી દીધું છે. બાળકોએ ખાસ કરીને ચંદો આપવાનું શરૂ કરી દીધુ છે.

એક વ્યકિત લાયબ્રેરીમાં કામ કરી રહ્યો હતો. અને તેને માલુમ ન હતુ. કે બહાર શું થઈ રહ્યું છે અલ્લાહ તઆલાએ ચમત્કારી રૂપમાં તેને બચાવી લીધો. થોડ સમય પણ તેને બાળીને ખાક કરી નાખત. અલ્લાહ તઆલાએ ખુબ ફઝલ ફરમાવ્યો હજુરે ફરમાવ્યું કે વિરોધીઓ તરફથી વિરોધ અધિક થશે. માટે આપણે દુઆ તરફ પણ ધ્યાન આપવું જોઈએ. રબ્બે કુલ્લી શૈયઅન ખાદિમુકા રબ્બે ફહફઝની વન સુરની વરહમની દુઆ અને અલ્લા હુમ્માં ઈન્ના નઝઅલુકા ફિ નુહુરીહીમ વ નઆઉઝુબિકા મિન શુરુરિહીમ ની દુઆ પઢો. અને રબ્બના આતેના ફિદદુનિયા હસનતવ ફિલ આખિરાતે હસનત વ કિના અઝાબન નાર ની દુઆ પઢવી જોઈએ અને અસ્તગફાર પણ ખુબ વધારે પઢવાની જરૂર છે. અલ્લાહ તઆલા આપણને પોતાની જીમ્મેદારી સારી રીતે અદા કરવાની તૌફિક આપે અને કમજોરીઓને દુર કરે. અને જો આ અજમાઈશ છે તો અલ્લાહ તઆલા આપણને તેમાંથી પણ કામિયાબ કરે અને પોતાના ઈનામ પહેલાથી પણ વધારે આપે અને તે ધિરજ રાખનારમાં આપણને સામેલ ફરમાવે જેની ખુશખબરીઓ આપે છે. અને અધિક પ્રગતિ આપણે જોઈએ. ખુત્બા જુમ્માના અંતમાં હજુર અનવરે મુકર્રમ ચૌધરી મહેમુદ અહેમદ સાહેબ મુબશ્શર દરવેશ કાદીયાન, મુકર્રમ ખાલિદ સલીમ અબ્બાસ અબુલ હાજી સાહેબ ઓફ સિરીયા અને સિરીયામાં જ શહીદ થનાર એક મરહુમ અહેમદીભાઈ ના સદગુણો અને સેવાઓની વર્ણન કર્યુ અને જનાઝા ગાયબ પઢાવવાનું એલાન કર્યુ.